## પાઠ – ૧૦ તિર્થંકર મહાવીર દ્વારા કરવામાં આવેલ આધ્યાત્મિક સુધારા

આ એ જમાનાની વાત છે જયારે લોકો ઘણા બધા દેવતાઓના વરદાન મેળવવા ઘણી ક્રિયાઓ, યજ્ઞ, હવન વગેરે કરતા હતા. દેવતાઓને રીઝવવા પશુબલિ કરવામાં આવતી હતી. સમાજ આવી ઘણી બધી અંધશ્રધ્ધાનો શિકાર હતો. ધર્મના નામ પર સામાન્ય માણસનું શોષણ વ્યાપક રીતે ચાલુ હતું. તિર્થંકર મહાવીરે આ બધા દૂષણોનો વિરોધ કર્યો અને અધ્યાત્મ માટે એક નવો વિચાર લોકોને આપ્યો. આત્મા, તેનું અસ્તિત્વ, તેનો ખરો સ્વભાવ, તેની ગતિ, હેતુ, તેનો કર્મ બંધ અને કર્મબંધની જટીલતા, મુકિત વગેરે વિશે નવી ફિલસુફી આપી. તેમના વિચાર વૈદિક પરંપરાના પારંપારિક વિચારો કરતા ઘણા જુદા હતા. તેમણે ઘણી ક્રિયાનો અને માન્યતાઓનો જોરદાર વિરોધ કર્યો. તમારા અસ્તિત્વની સમજ આધ્યાત્મિકતાથી થાય છે એ લોકોને સમજાવ્યું. તમે શુધ્ધ આત્મા છો પરંતુ એ શુધ્ધતા લાવવી પડશે. માનવ તરીકે જીવનનું મહત્વ સમજાવ્યું, મુકિત માટે માનવ જન્મ અનિવાર્ય છે. આધ્યાત્મિકતાનો આધાર મનુષ્યના પોતાના પુરુષાર્થ પર રહેલો છે.

મનુષ્ય લાગણી, નૈતિકતા, તર્ક અને સર્જનાત્મક સ્તર પર જીવે છે. પણ ખોટી માન્યતાઓથી આ સ્તરોમાં રહેલું સમતુલન બગડી જાય છે. એમના સુધારા અદ્‌ભૂત હતા કે જેનાથી એ સમયની ધાર્મિક વ્યવસ્થામાં રહેલા અનેક દૂષણોને નાબુદ કરાયા.

**તેઓના આધ્યાત્મિક સુધારા નીચે પ્રમાણે છે.**

**૧) બધા આત્મા સમાન છે:** એકેન્દ્રીય જીવ જેવાકે અમીબા, પંચેન્દ્રીય જીવ જેવા કે મનુષ્ય અને મુક્ત થયેલ જીવ કે સિધ્ધાત્મા સહુના આત્મામાં એક સરખા ગુણો છે. દરેક આત્મામાં અનંત શકિતઓ ભરેલી છે. દરેક આત્માઓમાં અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત વીર્ય અને અનંત સુખ છે. આ બધા ગુણોને અનુલક્ષીને બધા આત્માઓ સમાન છે પણ તેના કર્મોના આવરણને લીધે જુદા જુદા દેખાય છે. બધા આત્મા પાસે પરમાત્મા બનવાની ક્ષમતા છે.

**૨) તમે તમારા ભવિષ્યના નિર્માતા છો :** સૌનું અસ્તિત્વ અલગ અલગ છે અને સૌનું ભવિષ્ય તેના ભૂતકાળના કર્મોને આધીન છે એટલે આપણે આપણી આવનારી જીંદગી ને બદલી શકીએ છીએ. સમતા રાખીને સાચું છે તે ઓળખીને, તેના ઉપર ચિંતન કરીને તમારી જાતને ઓળખી પોતાના નસીબના પોતે ઘડવૈયા બની શકો છો. આપણી અંદર જ અનંત શકિત ભરેલી છે બીજી કોઈ દૈવી શકિતને આધીન થવાની જરૂર નથી. બીજું કોઈ આપણું સારું પણ ન કરી શકે કે કંઈ બગાડી પણ ન શકે જે થાય છે તે આપણા પુરુષાર્થને આધારીત છે.

**૩) દરેક આત્મા અલગછે અને સ્વતંત્ર છે :** કોઈ આત્મા જગતના પરમબ્રહ્મનો ભાગ (હિસ્સો) નથી. દરેક આત્મા અલગ છે, અનન્ય છે. બધાની પોત પોતાની યાત્રા છે (પ્રવાસ છે). દરેકને પોતાની ક્ષમતા પારખવાની છે અને પોતાના ગંતવ્ય સ્થાન પર પહોંચવાનું છે. જયાં પોતાનું અલગ અસ્તિત્વ હંમેશ માટે જ રહેવાનું છે.

**૪) ભગવાન સર્જનહાર નથી :** આ સૃષ્ટિનો કોઈ સર્જનહાર નથી કારણકે જેનું સર્જન છે તેનું તો વિસર્જન પણ થાય. જો કોઈ સર્જનહાર છે તો તેને કોણે બનાવ્યા ? ક્યારે બનાવ્યા ? કેમ બનાવ્યા ? વગેરે જટીલ પ્રશ્નો ઉભા થયા.

**૫) મુક્તિ માટે કોઈ દૈવી શક્તિને આધીન થવાની જરૂર નથી :** સાચું જ્ઞાન, સાચી શ્રધ્ધા અને સાચા આચરણથી મેળવેલી આત્મશક્તિ મુક્તિ તરફ દોરી જાય છે. કોઈની કરુણા કે દયાથી મુક્તિ મળતી નથી. તિર્થંકર મહાવીરે વ્યક્તિના સાચા આચરણ પર ભાર મૂક્યો. તેઓ ઈચ્છતા હતા કે માણસ પોતાની બે નબળાઈઓને જાણી લે જે છે રાગ અને દ્વેષ. રાગથી સ્વાર્થ અને લોભ વધે છે અને દ્વેષથી વેર અને ગુસ્સો વધે છે. સર્વોત્તમ આચરણ એ છે જે રાગ અને દ્વેષથી મુક્ત હોય અને જે સ્વપ્રયત્નોથી મેળવી શકાય છે.

**૬) આત્મા અનાદિ અને અનંત છે :** આપણા આત્માનું સર્જન કે વિસર્જન નથી તે અનાદિ અને અનંત છે અને આ નિયમ વિશ્વ અને તેમાં રહેલી દરેક વસ્તુને પણ લાગુ પડે છે.

**૭) કોઈ વ્યક્તિએ નર બાળક પેદા કરી વડવાઓનું ઋણ ચૂકવવાનું નથી :** કોઈ વ્યક્તિને કોઈનું ઋણ હોતું નથી. આપણે એકબીજા સાથે ભૂતકાળના કર્મોથી જોડાયેલા છીએ. એ આપણા પર આધાર રાખે છે કે તેમાંથી મુક્ત થવું કે જોડાયેલા રહેવું. શ્રમણ પરંપરામાં શ્રમણએ કેન્દ્ર સ્થાને છે જ્યારે વૈદિક પરંપરામાં ગૃહસ્થ કેન્દ્ર સ્થાને છે.

**૮) એવા કોઈ દેવતાઓ નથી જે તમને શ્રાપ કે વરદાન આપી શકે :** આપણને મળનારા ફળ આપણા વર્તન અને ભાવ પર આધાર રાખે છે. ચાર કષાયથી આત્માને મુક્ત કરવા તપસ્યા એક સાધન છે. આપણે પોતે શુધ્ધાત્મા બની શકીએ. કોઈ આપણને કશું આપી શકતું નથી કે આપણું કાંઈ છીનવી શકતું નથી. ફક્ત આપણા ભૂતકાળના કર્મ આ જન્મની સ્થિતી માટે જવાબદાર છે. ભગવાનને ભેટ ચડાવવાની જરૂર નથી. એવા કોઈ ભગવાનનું અસ્તિત્વ જ નથી જેની પૂજા અને પ્રાર્થનાથી તમને કાંઈક મળી શકે છે.

**૯) હિંસાને કોઈ સ્થાન નથી :** કોઈપણ પ્રકારની ક્રિયામાં હિંસાને સ્થાન નથી. કોઈપણ ક્રિયા કે જાનવરોની બલિ આપણને સત્ય તરફ લાવી શકતી નથી એટલે હિંસાથી દૂર રહેવું, સર્વ સાથે મિત્રતા રાખવી અને કરુણાના સિધ્ધાંતને તિર્થંકર મહાવીરે પ્રસ્થાપિત કર્યો.

**૧૦) મુક્તિ અથવા મોક્ષ :** એવી અવસ્થા જયાં આત્મા બધા શુભઅશુભ કર્મબંધથી મુક્ત થઈ ગયો છે. મુક્ત થયેલા આત્મા અનંત વીર્યના ધણી છે. વ્યક્તિ જે પણ અનુભવે સુખ કે દુઃખ બંને સ્થિતીમાં પૂર્વકર્મ જવાબદાર છે. એટલે તપથી પૂર્વકર્મની નિર્જરા કરવી અને બીજા કર્મ આગળની જીંદગીમા ન બંધાય તેની તકેદારી રાખવી. સંવરથી નવા કર્મો આવતા રોકાશે. કર્મબંધનથી મુક્ત આત્મા શાશ્વત સિધ્ધશીલાએ જશે જ્યાંથી તેને ચારેગતિના ચક્રોમાંથી મુક્તિ મળશે.

આ સુધારાનું મૂળ અંધશ્રધ્ધા, ધાર્મિક શોષણ, ભગવાનના નામ પર થતી જાનવરોની હત્યા વગેરે દૂર કરવાનું હતું. તેમના ઉપદેશમાં ધાર્મિક સહિષ્ણુતા, નૈતિક શુધ્ધતા, પોતાની અને વાતાવરણ વચ્ચે સુમેળ, આધ્યાત્મિકતા, સમાનતા અને મુક્તિનું ધ્યેય હતું.

## પાઠ – ૧૧ જૈન સમાજની ઓળખ

જૈન (શ્રમણ પરંપરા) પોતાની સમૃધ્ધિ અને ત્યાગ માટે પ્રખ્યાત છે. સમય જતા જૈન ધર્મએ સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાનો ખાસ દરજજો બનાવ્યો છે. જૈન ધર્મનું સમાજમાં વિશિષ્ટ સ્થાન છે જેનું લક્ષ્ય પરોપકાર અને સંયમ છે. જૈન ધર્મએ યુનોમાં પોતાની જગ્યા બનાવી છે અને વિશ્વધર્મ સંસદમાં સ્થાન મેળવ્યું છે. એ સમાજનું વિહંગાવલોકન કરીએ.

**૧) પ્રાચીન ધર્મ :** ઋગવેદમાં ઋષભદેવ અને અરિષ્ટનેમી એ બંને તિર્થંકરનું વર્ણન છે. એ જૈન ધર્મની પ્રાચીનતા દર્શાવે છે. એક પછી એક એમ ૨૪ તિર્થંકરો થયા. ઋષભદેવ જૈનોના પહેલા તિર્થંકર હતા. જૈન પરંપરા કહે છે કે તેઓ રાજા હતા અને તેમના પુત્ર ભરતને રાજ્ય આપી તેઓએ રાજ્ય ત્યાગ કર્યો હતો અને સાધુ બની ગયા હતા. પુરાણ કથાઓ પ્રમાણે ભારતવર્ષ નામ ભરત પરથી પડેલ છે. ઋગવેદ જે હિંદુઓનો સૌથી પ્રાચીન ગ્રંથ છે જેમાં એમ વર્ણન છે કે ઋષભદેવ જૈન ધર્મના સ્થાપક છે એટલે એ સ્પષ્ટ છે કે ઋષભદેવ આ ગ્રંથના લખાયાના ઘણા વર્ષ પહેલા થઈ ગયા હશે. ઋષભદેવને વાયુ પુરાણ અને ભાગવત પુરાણમાં વિષ્ણુના અવતાર રૂપે આલેખવામાં આવ્યા છે.

હમણાંના ઉત્ખન્ન દરમ્યાન મળેલા મોહેંજો-દરો અને હડપ્પાના અવશેષોમાં સ્પષ્ટ સાબિત થયું છે કે જૈન ધર્મ ૫૦૦૦ વર્ષ પહેલા પણ હતો જો કે જૈનો તેને શાશ્વત માને છે. આર્યો આવ્યા તે પહેલા દ્રવિડ સંસ્કૃતિની પ્રાચીનતા પાષાણ યુગ સુધી જાય છે એ સિંધુ નદીની સંસ્કૃતિના શહેરો એ તરફ ઈશારો કરે છે કે ત્રીજી કે ચોથી શતાબ્દી બી.સી.મા જૈન ધર્મ અસ્તિત્વમાં હતો. હડપ્પામાં જૈનોના તિર્થંકરોની નગ્ન ખંડિત પ્રતિમાઓ મળી છે. મથુરાથી મળેલા સિંધુ નદીના કાર્યોત્સર્ગની મુદ્રામાં ઋષભદેવની નગ્ન પ્રતિમા મળી છે, ત્રણ થી પાંચ બળદ જેની નીચે છે એ કાર્યોત્સર્ગની ઋષભદેવની નગ્ન પ્રતિમા જૈન ધર્મના ૫૦૦૦ વર્ષ પહેલાના અસ્તિત્વને પૂરવાર કરાવે છે. કવિ જિનસેને તેના મહાપૂરાણમાં ઋષભદેવને યોગીશ્વર કહ્યા છે. લોહીનીપૂરની નગ્ન જૈન પ્રતિમા (૩૨૦ બી.સી.) જે પટના મ્યુઝીયમમાં છે, જે કાર્યોત્સર્ગ મુદ્રામાં છે એ આ વાતની પુષ્ટી કરે છે. વૈદિક સ્તૂતી જેમ કે નાદસીયા સુકતનો ટીકાત્મક અભ્યાસ એમ કહે છે કે કોઈ એવો વૈચારીક પ્રવાહ હોવો જોઈએ જેની અસર વેદો પર પણ પડી છે. જૈનોના ગૌરવવંતા અભ્યાસ પર નજર કરીએ તો ખબર પડે છે કે ઋષભદેવ અને તેના પછીના ૨૩ તિર્થંકરોના જીવને ઘણી અસર જગતના ધર્મો પર પડી છે.જ્યારે એલેકઝાંડરે ભારત પર આક્રમણ કર્યું હતું ત્યારે તે નગ્ન દિગંબર સાધુને તક્ષશિલામાં મળ્યો હતો જેમણે ગ્રીક લેખકો જીમનોસોફીસ્ટ કહે છે જેનો અર્થ છે નગ્ન ફીલસૂફ. ઈઝરાયલના એસેન્સ નામના જુથવાળા પણ આ જીમનોસોફીસ્ટથી ખૂબ આકર્ષિત થયા હતા જેઓ અહિંસાનો સંદેશો ફેલાવતા હતા જે જૈનોના સિધ્ધાંતનું કેન્દ્રબિંદુ છે. ઈતિહાસ એવું કહે છે ગ્રીકો આ અહિંસાના વિચારથી ખૂબ પ્રભાવિત હતા. એલેકઝાંડર એક જૈન સાધુને પોતાની સાથે પોતાના દેશમાં લઈ ગયો હતો. પાર્શ્વનાથ ૨૩ માં તિર્થંકર હતા. તેમણે ૩૦ વર્ષની ઊંમરે સંસાર છોડયો હતો અને ત્રણ મહિના સખત તપ અને ધ્યાન બાદ તેઓને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું હતું પછીનું જીવન ઉપદેશક તરીકે વિતાવ્યું. તેઓ તિર્થંકર મહાવીર કરતા ૨૫૦ વર્ષ પહેલા થઈ ગયા. તિર્થંકર મહાવીર દ્દ્ઠી શતાબ્દી બી.સીમાં થઈ ગયા.

**૨) જીવંત ધર્મ :** હાલમાં કરોડથી વધારે લોકો આ પ્રાચીન ધર્મમાં માને છે. જેના મૂળ ૩૦૦૦ વર્ષ જૂના છે. જેનો સિધ્ધાંત અહિંસા એ ફક્ત શાસ્ત્રોમાં જ નહી પણ તેના અનુયાયીઓ ચુસ્ત પણે પાળે છે. જૈન શ્રાવકો સાધુ જેવું જીવન જીવવાની કોશિશ કરે છે અને જૈન સાધુઓ બધા કષાય છોડી મુકિત મેળવવા ઝંખે છે. તિર્થંકરોની ભકિત, આત્મ શુધ્ધિની ભાવના, શાકાહાર વગેરે નિયમોથી જૈન ધર્મે દુનિયામાં બધાનું ધ્યાન ખેચ્યું છે.

**૩) શાકાહાર (અહિંસા પ્રધાન ધર્મ) :** કોઈપણ પ્રકારના કષાય ધ્વારા પોતાના આત્માના ગુણોની હિંસા કરવી એ મહાહિંસા છે. જૈનો આ નિયમને રોજીંદા જીવનમાં અપનાવીને, પધ્ધધિતસર આદતો કેળવીને પર્યાવરણની ન્યૂનતમ હિંસા કરે છે. તેમની અહિંસા બધા પ્રાણીઓ તેમજ વનસ્પતિ, પૃથ્વી, હવા અને પાણી સાથે પણ છે એ નોંધનીય છે. જૈનો શાકાહારને ચુસ્તપણે પાળે છે.

**૪) આધ્યાત્મિકતા :** જૈનોની દિવ્યતાનો વિચાર મૌલિક છે. તેઓ એક થી વધારે સત્માં માને છે (pluralism). દરેક આત્મા જયારે કર્મની અસરથી મુક્ત થાય છે ત્યારે સિધ્ધ બની જાય છે. વ્યક્તિગત રીતે જોઈએ તો દરેક મુક્ત થયેલો આત્મા પોતાનામાં સંપૂર્ણ છે મુક્તિમાં પણ તેની અલગ ઓળખાણ છે.

**૫) સાધુઓ માટે ખૂબજ કડક આચાર સંહિતા :** સાધુઓની આચાર સંહિતાની વાત સંબંધે તેઓને જીવન ટકાવી રાખવાનો હક છે પણ અન્ય કોઈ હિંસા વગર. સાધુઓ મોક્ષ પ્રાપ્તી માટે ઝંખે છે માટે તેમણે સારા અને નરસા બધાથી ઉપર ઊઠી રાગ અને દ્વેષને છોડવાના છે. પાપ અને પુણ્ય બંને કર્મબંધના કારણ છે એમ જૈન દર્શન માને છે જેને લોખંડ અને સોનાની બેડી સાથે સરખાવ્યા છે. આ બંનેથી મુકત થવાનું છે જેના માટે રાગ છોડવો જરૂરી છે. પોતાની જાતને શુધ્ધ બનાવવાની છે; નહી તો બધી ધાર્મિક ક્રિયાઓ વ્યર્થ છે. જૈન ધર્મમાં અશુભમાંથી શુભમાં અને શુભમાંથી શુધ્ધમાં જવાનો વિચાર અનન્ય છે.

**૬) લઘુમતિ કોમ છે છતાં ભણેલી, સાધન સંપન્ન, વ્યવસાયી, પરોપકારી વ્યાપારી કોમ જેમણે સમાજને ઘણું આપ્યું છે :** જ્ઞાન મુકિતનું સાધન છે અને પરોપકાર કરુણા છે, કમાવવું એ કળા છે. સમાજનો દરજ્જો ઉપર લઈ જવો એ વ્યકિતનું કર્તવ્ય છે અને જૈનો આ વાતને વ્યવહારમાં લાવ્યા છે અને એવી રીતે જ જીવ્યા છે.

**૭) પોતાની પરંપરાને જાળવી રાખે છે અને બીજાઓ સાથે ભળી પોતાની છાપ છોડે છે :** સંઘ હોવો અને સંઘના ઘટક હોવું એ જૈનો માટે ફાયદાકારક છે એનાથી તેને સામાજિક દરજ્જો મળે છે જે તિર્થંકરે પોતે તેમને આપ્યો છે. સંઘ સમાજની એકતા છે જે સમસ્યાનો ઉકેલ લાવે છે. બીજા સાથે સહજતાથી ભળવાની કળા જૈનોમાં અજબ છે અને એ પણ પોતાની પરંપરાને જાળવીને.

**૮) ધર્મ ઝનૂન નહીં, ધર્મ વટલાવવાની વૃત્તિ નહીં :** અનેકાંતવાદએ વાસ્તતિવકતા છે, બીજાના દ્રષ્ટિકોણનો આદર કરવો એમ જૈનો માને છે. અહીં કોઈ ધર્મ ઝનૂન જેવી વસ્તુ નથી. સંઘમાં કોઈ જબરજસ્તી નથી જેમને શ્રધ્ધા છે તેઓને સંઘ આવકારે છે. કોઈના વિશે ધિકકાર વૃતિ રખાતી નથી.લાલચ કે બળથી કોઈ ધર્મ પરિવર્તન અસ્વીકાર્ય છે.

**૯) પૈસાદાર સમાજ; પરિગ્રહ ન છોડવા, લોભ કરવા કે વેપારમાં ખોટું કરવા માટે બીજા લોકો તરફથી જૈનોનો ક્યારેક તિરસ્કાર કરવામાં આવે છે :** ધંધાની સૂઝબૂઝ ના લીધે જૈનો પાસે બીજા સમાજ કરતા વધારે સંપત્તિ છે. સંપત્તિ વધુ હોવી અને વાત ત્યાગની કરવી એ બંને વિરોધાભાસી ચીજોને લીધે ક્યારેક જૈન સમાજને લોકોનો તિરસ્કાર સહેવો પડે છે. જોકે દાન-ધર્મ પણ જૈનો એટલો જ કરે છે. અમુક વ્યક્તિઓના આર્થિક ગુના સમાજની પ્રતિષ્ઠાને ધક્કો પહોંચાડે છે.

**૧૦) એવો સમાજ જે જીવન જીવવાની, આપવાની અને મૃત્યુને મહોત્સવ બનાવવાની કળા જાણે છે :** જૈનો પોતાના મૃત્યુને પણ જીવી જાણે છે. જ્યારે તમે જન્મો છો ત્યારથી પળે પળ તમે તમારા મૃત્યુ તરફ આગળ વધો છો. સંલેખના અથવા સંથારો એ એક વ્રત છે. જે પોતાના મૃત્યુના ડરને જીતી લે છે તે જીવન ખૂબ જ નીડરતાથી જીવે છે. ભણતર સાથે સંતોષકારક જીવન જીવવું અને દાન-ધર્મનું પાલન કરવું એ જૈન ધર્મની આગવી પરંપરા છે અથવા તો ઓળખ છે.

**૧૧) જુદા જુદા ક્ષેત્રોમાં ફાળો :** ભારતની સ્થાપત્ય કળાના ફાળામાં જૈનોની દૂરંદેશી દેખાઈ આવે છે. એના સિવાય શાળા, કોલેજો(શિક્ષણ સંસ્થા), હોસ્પીટલ, વાચનાંલયો, ગ્રંથ ભંડાર વગેરે બનાવવામાં જૈનો પ્રથમ હતા. જૈનોએ સ્વાતંત્ર્ય ચળવળમાં પણ ભાગ લીધો હતો. સ્ત્રીઓના સશક્તિકરણ, યુવાશક્તિનો વિકાસ આ ઉપરાંત સાહિત્ય, ટેકનોલોજી, વાતાવરણ સુરક્ષા, ભાષા વિકાસ જેવા અનેક વિષયમાં આ સમાજે નોંધકીય ફાળો આપ્યો છે. ગુજરાતી, કન્નડ અને તામિમલ ભાષાના વિકાસમાં જૈન આચાર્યનો ફાળો ખૂબજ મહત્વનો રહયો છે.

**૧૨) સ્વપુરુષાર્થ અને કર્મવાદની અડગ માન્યતા :** જૈનોના મૂળભૂત સિધ્ધાંતો કારણ અને અસર સાથે જોડાયેલા છે. દરેક ઘટનાનું એક કારણ હોય છે. સ્વભાવથી દરેક આત્મા શુધ્ધ છે જેમાં અનંત જ્ઞાન, દર્શન અને વીર્ય છે આ બધા આત્માના ગુણ કર્મના જોડાવાથી સિમિત થઈ જાય છે. કર્મના કારણે જન્મ-મરણના ચક્ર છે. કર્મ એ પુદ્ગલ છે એવું જૈન ધર્મ માને છે જે હિંદુ અને બૌધ્ધ ધર્મ માનતા નથી. કર્મોની સાંકળથી મુકત થવા વ્યકિતએ નવા કર્મના બંધને રોકવા જોઈએ અને જૂના બંધનોથી મુક્ત થવું જોઈએ. સંકલ્પી કષાયથી કર્મના આવરણ ચડે છે. કર્મ બંધથી છૂટવાને નિર્જરા કહેવાય છે જે તપથી ખરે છે. ઉપવાસ, ઉણોદરી, રસપરિત્યાગ, પ્રતિસંલીનતા વગેરે બાહ્ય તપ છે અને વિવેક, વૈયાવચ્ચ, ધ્યાન, પશ્ચાતાપ, સ્વાધ્યાય, કાર્યોત્સર્ગ વગેરે આંતરિક તપ છે. કર્મબંધથી આત્મા શરીરના પિંજરામાં બંધ છે અને ઘણા બધા આધ્યાત્મિક વિકાસના તબકકામાંથી પસાર થયા બાદ કર્મબંધથી છૂટકારો મળે છે. વિકાસના આ ક્રમને ગુણસ્થાન કહેવાય છે જેમાં આત્મશુધ્ધિની પ્રગતિ થાય છે અને પાપોનો ક્રમશઃ નાશ થાય છે.

**૧૩) તપની કઠોરતા માટે એની પ્રશંસા પણ કરવામાં આવે છે અથવા ટીકા પણ કરવામાં આવે છે:** કઠોર તપ, સાધના, ધ્યાન વગેરેને તપના તાપથી બાળીને આત્મશુધ્ધિનો માર્ગ અપનાવાય છે. આવા પીડાદાયક તપની આલોચના પણ થાય છે.

જ્ઞાન મેળવો, શ્રધ્ધા રાખો, ચારિત્રનું પાલન કરો, તમારી ક્ષમતાનો સદ્‌ઉપયોગ કરો એટલે વિચારો અને કાર્યોથી તમે જીવન જીવ્યા એમ જૈનો માને છે.

## પાઠ – ૧૨ જૈન ધર્મની પ્રાચીનતા – પારંપારીક તથા ઐતિહાસિક દ્રષ્ટિકોણ

જૈન ધર્મની પ્રાચીનતાના બે દ્રષ્ટિકોણ છે ૧) પારંપારીક માન્યતા અને ૨) ઐતિહાસિક દ્રષ્ટિકોણ

**૧) પારંપારીક માન્યતાઃ**

જૈન ધર્મ માને છે કે બ્રહ્માંડ અનાદિ અને અનંત છે. કાળચક્ર લોલકની જેમ અર્ધગોળમાં ઉપરથી નીચે અને નીચેથી ઉપર ગતિ કરે છે. એક કાળચક્ર ના બે ભાગ છે, અવસર્પિણી(નીચે આવતો) અને ઉત્સર્પિણી (ઉપર જતો). આ દરેકના ૬ ભાગ છે જેને આરા (સમયનું માપ)કહેવાય છે એટલે અવસર્પિણી કાળના ૬ આરા પત્યા પછી ફરી પાછા ઉત્સર્પિણી કાળના આરા શરૂ થશે આ રીતે ઘડિયાળના લોલકની જેમ કાળચક્ર ફર્યા કરે છે. ઉત્સર્પિણી કાળ પ્રગતિનો રહેશે અને અવસર્પિણી કાળ પતનનો રહેશે જેમાં મનુષ્યના શરીરનો બાંધો, જીવન, શરીરની શકિત, સુખ, વાતાવરણ અને આરાની લંબાઈમાં બધું ઓછું ઓછું થતું રહેશે. પહેલો આરો સૌથી લાંબો અને છઠ્ઠો આરો સૌથી ટૂંકો હશે. આનાથી ઉલટું ઉત્સર્પિણી કાળમાં હશે. જૈન દર્શન પ્રમાણે બંને અર્ધકાળ ચક્રમાં ૨૪ તિર્થંકરો થાય છે.

અત્યારના અવસર્પિણી કાળના ભગવાન ઋષભદેવ પહેલા તિર્થંકર અને ભગવાન મહાવીર છેલ્લા (૨૪માં) તિર્થંકર છે. આ રીતે જૈન ધર્મ અનાદિ અનંત છે. અનંત ચોવીસી થઈ ગઈ અને અનંત ચોવીસી થશે.

**૨) ઐતિહાસિક દ્રષ્ટિકોણ માટે પ્રાચીન ગ્રંથો અને પુરાતત્વીય સ્તોત્ર :**

**પ્રાચીન ગ્રથોમાં જૈન ધર્મનો ઉલ્લેખઃ**

આપણી પાસે ચાર તિર્થંકર નામે ઋષભદેવ, નેમીનાથ, પાર્શ્વનાથ અને મહાવીર સ્વામી હોવાના ઐતિહાસીક પુરાવા છે. એ તો બધાને ખબર છે મહાવીર સ્વામી (૫૯૯–૫૨૭ બી.સી) જૈનોના છેલ્લા તિર્થંકર છે. ૨૩મા તિર્થંકર પાર્શ્વનાથ હતા (૮૭૧–૭૭૭ બી.સી.)જેનો પુરાવો જાણીતા ઈતિહાસકાર અને જર્મન વિદ્વાન હર્મન જેકોબીએ, વિનસેટ સ્મિથ, આર.સી. મઝુમદાર બધાએ આપેલ છે.

તિર્થંકર પાર્શ્વનાથની પહેલા તિર્થંકર નેમિનાથ થઈ ગયા હતા. જેમનું બીજું નામ અરિષ્ટનેમિ છે જે ૨૨માં તિર્થંકર છે. જેમની પણ ઐતિહાસિકતા પાર્શ્વનાથ જેવી જ છે. જૈન પરંપરા પ્રમાણે (મહાભારતના) તે કૃષ્ણના પિતરાઈ હતા. સમુદ્રવિજય નેમીનાથના પિતા અને વાસુદેવ જે કૃષ્ણના પિતા, બંને ભાઈઓ હતા. એક શિલાલેખ પણ છે જે નેમિનાથની આ ઐતિહાસિકતાને સાબિત કરે છે. મથુરામાં મળેલા પુરાતત્વીય પુરાવાના આધાર પર ડૉ.ફહરેરે એમ કહ્યું છે કે નેમિનાથ એક મહાન ઐતિહાસિક પુરુષ હતા. (vide Epigraphia Indica, I,389 and II 208-210) આપણને ઈન્ડો–સીયાચીનના શિલાલેખમાં પણ નેમીનાથનો ઉલ્લેખ જોવા મળે છે. આ અને બીજા ઘણા પુસ્તકોમાં નેમીનાથનો ૨૨ મા તિર્થંકર તરીકે ઉલ્લેખ છે. બાકીના ૨૧ તિર્થંકરોનો ઉલ્લેખ બૌધ્ધ ગ્રંથોમાં મળે છે. હિંદુ ગ્રંથમાં પહેલા તિર્થંકર આદિનાથનો ઉલ્લેખ મળે છે.

**બૌધ્ધ ગ્રંથમાં બૌધ્ધ ધર્મની પ્રાચીનતા :** મહાવીર, ગૌતમ બુધ્ધ (બૌધ્ધ ધર્મના સ્થાપક)ના સમકાલીન હતા એટલે સ્વાભાવિક જ છે કે બૌધ્ધ સાહિત્યમાં મહાવીરના વ્યક્તિત્વનો ઉલ્લેખ હોય. એ જાણવું અગત્યનું છે કે મહાવીરને બૌધ્ધ ગ્રંથોમાં નિર્ગ્રંથ જ્ઞાતપુત્ર તરીકે સંબોધવામાં આવ્યા છે અર્થાત નગ્ન સાધુ. બૌધ્ધ ગ્રંથોમાં જૈન ધર્મ નવો ધર્મ છે એમ નથી કહેવાયું પણ પ્રાચીન ધર્મ તરીકે ઓળખાવામાં આવ્યો છે. બૌધ્ધ સાહિત્યના ઘણા પુસ્તકોમાં નગ્ન જૈન સાધુ, અર્હંતની પૂજા કરનારા, જૈન ચૈત્ય (મંદિર) અને ચર્તુયામ ધર્મેનો (પાર્શ્વનાથ પરંપરો) ઉલ્લેખ છે.

બૌધ્ધ ગ્રંથોમાં ઋષભદેવ, પદ્મપ્રભુ, ચંદ્રપ્રભુ, પુષ્પદંત, વિમલનાથ, ધર્મનાથ, નેમીનાથ વગેરે તિર્થંકરોના ઉલેખ જોવા મળે છે. ‘ધર્મોત્તરપ્રદીપા’ નામના સુપ્રસિધ્ધ બૌધ્ધ ગ્રંથમાં ઋષભદેવ અને મહાવીર સ્વામીનો આપ્ત અથવા તિર્થંકર તરીકે ઉલ્લેખ છે. ‘અંગુતરનિકાય’ નામના પુસ્તકના ધમિક્કસુત્તમાં અરિષ્ટનેમી અથવા નેમીનાથ ઉપરોક્ત તિર્થંકરમાના એક તિર્થંકર છે એમ લખેલું છે. બૌધ્ધ પુસ્તક ‘મનોરથપુણીમાં’ પુરુષો અને સ્ત્રીઓમાં જે પાર્શ્વનાથનો જૈન ધર્મ પાળતા હતા એમના નામો લખાયેલા છે જેમાં એક ગૌતમ બુધ્ધના કાકા પણ છે; જેનું નામ વપ્પા હતું. હકિકતમાં બૌધ્ધ ગ્રંથોમાં લખેલું છે એ હિસાબે બુધ્ધે પોતે નવો ધર્મ સ્થાપ્યો એ પહેલા જૈનોની જેમ તપસ્યા કરતા હતા. ગૌતમ બુધ્ધના બે ગુરુ જૈન હતા તેવો ઉલ્લેખ પણ જોવા મળે છે.

**વૈદિક પરંપરાના ગ્રંથોમાં જૈન ધર્મની પ્રાચીનતા :** હિંદુઓએ કયારે પણ વિરોધ કર્યો નથી કે જૈન ધર્મના સ્થાપક ઋષભદેવ ન હતા અને એ સમયે જ સમાજની શરૂઆત થઈ. તેઓ તેમને દૈવી પુરુષ માનતા હતા. તેઓ તેમના માતાપિતા નાભિરાજા અને મરૂદેવી માતાને પણ એટલું જ માન આપે છે.

ઋગવેદમાં ઋષભદેવનો પહેલા તિર્થંકર તરીકે સ્પષ્ટ ઉલ્લેખ છે. યર્જુવેદમાં પણ ઋષભ, અજીતનાથ અને અરિષ્ટનેમિ આ ત્રણ તિર્થંકરોના નામ છે. અથર્વવેદમાં પણ વર્ત્યનો ઉલ્લેખ છે એટલે જે વ્રતો કરે છે તે. તે સમયે જૈનોના અને હિંદુઓના વ્રતો જુદા હતા. એજ રીતે અથર્વવેદમાં મહાવર્ત્ય શબ્દ છે જે ઋષભદેવ તરફ ઈશારો કરે છે જે મહાવ્રતી હતા.

**પુરાતત્વીય સ્ત્રોતો :**

અમુક ઐતિહાસિક પુરાવાથી એમ જણાય છે કે ઋષભદેવ જૈન ધર્મના સ્થાપક હોવા જોઈએ. આ સંદર્ભમાં ડૉ. જેકોબી લખે છે કે પાર્શ્વનાથ જૈન ધર્મના સ્થાપક હતા એવા કોઈ પુરાવા નથી. પરંપરા પણ ઋષભદેવને પહેલા તિર્થંકર તરીકે માને છે. ઈશુની પહેલી સદીના લોકો ઋષભદેવની પૂજા કરતા હતા એના પૂરાવા છે. ખારવેલની હાથી ગુમ્ફા અને ઉદયગિરી ગુમ્ફા જે ઓરીસ્સાના ભુવનેશ્વરમાં છે અને જે ખારવેલ સ્થાપત્ય તરીકે ઓળખાય છે. તેમાં એક નોંધ છે કે કલિંગના રાજા ખારવેલે મગધ પર ચઢાઈ કરીને ઋષભદેવની અગ્રજિન પ્રતિમા પાછી લાવ્યા હતા જે પ્રતિમા મગધ દેશના રાજાઓએ ઈ.સ. પૂર્વેની ત્રીજી સદીમાં લૂંટી લીધી હતી, એનો અર્થ એ થયો કે પાંચમી સદી બીસીમાં ઋષભદેવની પૂજા થતી હતી. આ શિલાલેખ પર ‘નમો અરિહંતાણં’ અને ‘નમો સવ્વ સિધ્ધાણામ્.’ એમ લખાયેલ છે.

બીજા પુરાતત્વીય પુરાવામાં કાંસ્ય યુગના સિંધુ નદીની સંસ્કૃતિની વસ્તુઓ જે મળી છે એ જૈન ધર્મની પ્રાચીનતાને ટેકો આપે છે અને એમ પણ જણાય છે કે ઋષભદેવની સાથે બીજા તિર્થંકરોની પૂજા થતી હતી. સિંધુ નદીના અવશેષો પરથી જણાય છે કે, જૈન ધર્મ ૩૫૦૦ થી ૨૫૦૦ બી.સી થી પણ વધારે પ્રાચીન છે.

૧) સિંધુ નદીના અવશેષોમાં જે માટીના વાસણ મળેલ છે તેમાં દેવ કરતા દેવીઓની આકૃતિ વધારે છે. આ ઉપરાંત દેવોની આકૃતિઓ નગ્ન છે આ બાબતમાં આ વિષયના નિષ્ણાંત ડૉ. અર્નેસ્ટે નોધ્યું છે કે, આ નગ્ન દેવો જૈન ધર્મો પાળતા હતા એવું માની શકાય.

૨) એક અવશેષમાં છ નગ્ન સાધુઓ કાર્યોત્સર્ગની મુદ્રામાં દેખાય છે. જે મુદ્રા જૈન ધર્મની ખાસ મુદ્રા છે.

૩) અનેક અવશેષોમાં જે ધ્યાનગ્રસ્ત આકૃતિઓ મળે છે તે જૈન પરંપરાના તિર્થંકરો જે મુદ્રા માં બેસે છે તેને મળતી આવે છે.

૪) અમુક અવશેષમાં બળદની સાથે કાર્યોત્સર્ગમાં ઉભેલા તપસ્વીઓની આકૃતિ છે. બળદ એ ઋષભદેવનું ચિન્હ છે.

૫) સ્વસ્તિકનું ચિન્હ અનેક અવશેષોમાં જોવા મળે છે જે ચિન્હ જૈન ધર્મમાં પ્રચલિત છે.

૬) પટનાના લોહાનીપૂર મ્યુઝીયમમાં રાખેલ કાયોત્સર્ગ મુદ્રાનો ટોરસો કદાચ જૈન ધર્મના અવશેષમાનો હોય એમ મનાય છે.

## પાઠ – ૧૩ જૈન ધર્મની વિષેતાઓ

આગળ જણાવ્યા મુજબ પ્રાચીન ભારતમાં ફક્ત બે મુખ્ય પરંપરા હતી. વૈદિક અથવા બ્રાહ્મણ અને અવૈદિક અથવા શ્રમણ પરંપરા. બૌધ્ધ અને જૈન ધર્મ શ્રમણ પરંપરામાં આવે છે. આ બંને પરંપરામાં ૧) મનુષ્ય અને સંસાર સાથે સંબંધ અને ૨) મનુષ્ય જીવનનું અંતિમ લક્ષ્ય આ દુનિયામાંથી મુકિત મેળવવી છે એના અલગ અલગ મંતવ્ય હતા. સાધુ શ્રમણ પરંપરાના કેન્દ્ર સ્થાને છે જયારે ગૃહસ્થ વૈદિક પરંપરાના કેન્દ્ર સ્થાને છે. શ્રમણ પરંપરા એ વૈદિક પરંપરા સામેનું વિદ્રોહ હોવાનું મનાય છે, ખાસ કરીને વેદોની સતા, પ્રાણીઓની બલિ,બ્રાહ્મણોની સર્વોપરીતા વગેરે. શ્રમણ પરંપરા વૈદિક પરંપરાની શાખા નથી પરંતુ બંને પરંપરા અલગ સ્વતંત્ર અસ્તિત્વ ધરાવે છે. જૈન પરંપરાના પવિત્ર ધર્મગ્રંથને આગમ કહેવાય છે, એ પ્રાકૃત ભાષામાં લખાયેલા છે.

**શ્રમણ શબ્દનો અર્થ :**

પ્રાકૃતમાં શ્રમણને સમન કહેવાય છે. શ્રમણ પરંપરાનો અર્થ ત્રણ રીતે સમજાવાય છે.

૧) પરંપરા જેમાં બધા જીવો સમાન છે. (સમ છે)

૨) પરંપરા જે માને છે કે મનુષ્યના જીવનનું અંતિમ લક્ષ્ય મુક્તિ છે જે સ્વપ્રયત્નોથી મેળવી શકાય છે – શ્રમથી, નહી કે ભગવાન કે ગુરુના આશીર્વાદ કે વરદાનથી.

૩) પરંપરા જે માને છે કે ત્યાગ અથવા શ્રમણ એ એક જ માર્ગ છે જેનાથી મુક્તિ શકય છે. શ્રમણ એટલે એ વ્યકિત જેણે દુનિયાનો – ભૌતિક સંસારનો ત્યાગ કર્યો છે. શ્રમણ પરંપરાનું નામ સાધુ પરંપરા પણ છે.

**વિશેષતાઃ**

૧) પ્રાચીન પરંપરા : આગળ પ્રાચીનતાના પાઠમાં શીખ્યા પ્રમાણે શ્રમણ પરંપરા વૈદિક પરંપરા જેટલી જ પ્રાચીન છે.

૨) જીવંત ધર્મ : ઘણી ઓછી વસતી હોવા છતાં વર્તમાનમાં આ પરંપરામાં ૧ કરોડ જેટલા લોકો માને છે અને એની વિશ્વમાં આગવી ઓળખ છે.

૩) શ્રમણ પરંપરા વિશે પાઠ ૬ પ્રમાણે. (વૈદિક પરંપરાથી અલગ)

૪) સામાજિક અને આધ્યાત્મિક સુધારા : મહાવીર સ્વામી સૌથી પ્રાચીન સમાજ સુધારક હતા(પાઠ ૯ અને ૧૦ પ્રમાણે ) તેમનું ધ્યેય સામાજિક અને આધ્યાત્મિક સમાનતા, બધા સંબંધોમાં સમતા અને પર્યાવરણના ઘટકો જેવાકે હવા, પાણી, વનસ્પતિ, માટી, સજીવો વગેરે બધા સાથે મિત્રતા હતું.

૫) વાસ્તવિકતા : જૈન ધર્મ માને છે કે બ્રહ્માંડના બધા ઘટકો વાસ્તવિક છે જેનું ખરેખર અસ્તિત્વ છે. તે બ્રહ્માંડની વાસ્તવિકતાને માને છે અને તેના મતે આ માયા નથી, બ્રહ્માંડ ૬ દ્રવ્યોથી બનેલું છે જે પોતાની મેળે કાર્યરત છે અને સ્વતંત્ર છે.

૬) દ્વૈત્યવાદ (dualism) અને અનેક વસ્તુવાદ (pluralism): ફિલસુફીમાં જૈન દર્શનનું સ્થાન દ્વૈત્યવાદ છે કારણ કે તે જીવ અને અજીવ બંનેમાં માને છે જે બંને સ્વતંત્ર છે. અજીવનું આગળ પાંચ પ્રકારમાં વર્ગીકરણ થાય છે ધર્મ, અધર્મ, પુદ્‌ગલ, આકાશ અને કાળ, આ સાથે આત્મા મળીને ૬ દ્રવ્ય છે જેનાથી બ્રહ્માંડની રચના થઈ છે એટલે એને અનેક વસ્તુવાદ પણ કહેવાય છે.

૭) બ્રહ્માંડ અને ભગવાન વિશેનો વિચાર : જૈન દર્શનમાં ઈશ્વરે સૃષ્ટિની રચના કરી છે એવી માન્યતા નથી એટલે એ દ્રષ્ટિએ જૈન ધર્મ નાસ્તિક છે એવું ઘણા લોકો કહે છે. જૈન દર્શન પ્રમાણે બ્રહ્માંડ શાશ્વત છે અનાદિ અને અનંત છે. બ્રહ્માંડ પોતાના હિસાબે કામ કરે છે અને તેના નિયમો છે. બ્રહ્માંડ સત્ છે જેમાં ૬ દ્રવ્ય છે. જૈનો કાળચક્રમાં માને છે અને બ્રહ્માંડની રચના વિશે પોતાનો સ્વતંત્ર મત ધરાવે છે. જૈન ધર્મ ઈશ્વરના અવતારવાદમાં નથી માનતું. જૈનો જિન કે તિર્થંકરની પૂજા કરે છે; જેમણે દુનિયાના કષાયને જીતીને મુક્તિ મેળવી લીધી છે. તિર્થંકર જીવોને સંસાર રૂપી સાગર પાર કરવામાં મદદ કરે છે. તિર્થંકરોની પૂજા પ્રેરણા માટે કરાય છે ન કે કોઈ વરદાન માટે. તિર્થંકરો જૈન ધર્મના સ્થાપક નથી પરંતુ માર્ગ દેખાડનારા છે. ખરું જોતા જૈન ધર્મ ખૂબજ આધ્યાત્મિક છે. જૈનો પુર્નજન્મમાં માને છે એટલે કયારેક તો મુક્તિ થશે એવા આશાવાદી છે. જૈનો જિનને માને છે તેથી તેઓ જૈનો કહેવાય છે. તેઓ એકબીજાને મળે છે ત્યારે જય જિનેન્દ્ર કહે છે.

૮) અહિંસા : અહિંસા જૈન દર્શનમાં કેન્દ્ર સ્થાને છે. જૈનો માને છે કે હિંસાની ખરાબ અસર આત્માના ગુણો પર પડે છે. અહિંસા એટલે પાળવી જોઈએ કારણકે તે આત્માના ગુણોને પ્રદુષિત થતાં રોકે છે જે વ્યક્તિ આત્માના ગુણોની હિંસા ન કરે તે અન્ય જીવો પ્રત્યે અહિંસક હોય તે સ્વાભાવિક છે. આત્માનો સમતાભાવ અને અન્ય સાથે સમાનતાનો ભાવ જૈન ધર્મની આગવી ઓળખાણ છે. એક આત્માને બીજા આત્માને ઈજા પહોંચાડવાનો કોઈપણ હક નથી ભલે આત્મા કોઈપણ સ્વરૂપે હોય. અહિંસાને જૈન ધર્મે પૂરેપૂરી ઊંચાઈઓ સુધી પાળ્યો છે. મન, વચન અને કાયાની કોઈપણ ક્રિયા જો બીજાને હાનિ પહોંચાડે તો તે હિંસા છે. ફકત એટલું જ નહી પોતે ઈજા પહોંચાડવી કે ઈજા પહોંચાડવા માટે પ્રેરિત કરવું અથવા કોઈ બીજું એ કરતું હોય તેમાં સહમતિ આપવી એ પણ હિંસા જ છે. જેનાથી કર્મબંધ થાય છે. અહિંસા એટલે સૌના જીવનનો સાક્ષાત્કાર. જીવન બધાને પ્રિય છે એટલે જૈનો શાકાહારી છે. શા માટે આપણે હિંસા કરીએ છીએ ?આના જવાબમાં બે કારણો છે ૧) વિચારોની જડતા અને ૨) લોભ. જેના ઉકેલ માટે  અનુક્રમે અનેકાંતવાદ અને અપરિગ્રહના સિધ્ધાંતોમાં માનવામાં આવે છે.

૯) અનેકાંતવાદ : જે સત્ય છે તેના ઘણા દ્રષ્ટિકોણ છે એનો સ્વીકાર કરવો એટલે અનેકાંતવાદ. સત્યના અસંખ્ય દ્રષ્ટિકોણમાં વિરોધી દ્રષ્ટિકોણ પણ ઉમેરાયેલા છે. સત્યને ઘણા દ્રષ્ટિકોણથી જોવું એટલે અનેકાંતવાદ. કોઈપણ ચીજનું સત્ય તેના બધા પાસાઓ તપાસીને જ સાબિત કરી શકાય. અહિંસા જૈનોનો મૂળ સિધ્ધાંત છે તો અનેકાંતવાદ એનો અર્ક છે. જૈન ફિલસુફી અનેકાંતવાદ તરીકે પણ ઓળખાય છે. અનેકાંતવાદ એટલે વિચારોની અહિંસા અને વિરોધી દ્રષ્ટિકોણને પણ એટલું જ માન આપવું. આપણો દ્રષ્ટિકોણ ન્યાયિક રીતે સમજાવવો. તટસ્થતાથી જિજ્ઞાસાથી પોતાને સુધારવા. વિરોધીભાસી મતો સાથે શાંતિપૂર્વકનું સહજીવન એટલે અનેકાંતવાદ. ગેરસમજ અને ઝગડાઓનો સરળ ઉપાય અનેકાંત દ્રષ્ટિમાં છે.

૧૦) અપરિગ્રહ : જેટલી વધારે ઈચ્છાઓ અને કષાયો એટલા વધુ દુઃખો. વસ્તુઓ આરામ આપે છે સુખ નહી. અપરિગ્રહનો સિધ્ધાંત સંગ્રહને કાબુમાં રાખે છે. તે અહિંસાના સિધ્ધાંતને સંલગ્ન છે. સાદી સમજ એ છે કે જેટલા આપણી પાસે સાધનો છે એનો ન્યુનતમ ઉપયોગ કરવો. એનો સામાજિક અર્થ એ છે કે બધાને જીવનની પ્રાથમિક સગવડો મળવી જોઈએ. સંપતિ પર માલિકીભાવને બદલે ટ્રસ્ટીશીપનો ભાવ હોવો જોઈએ.

૧૧) આત્મવાદ : જૈન દર્શન પ્રમાણે બ્રહ્માંડમાં અનંત આત્માઓ છે જે બધા એકબીજાથી સ્વતંત્ર છે. આત્માઓ કર્મથી બંધાયેલા છે. કર્મબંધના કારણે એક ગતિમાંથી બીજી ગતિમાં ફરતા રહે છે. તેઓ કોઈ પવિત્ર પરમાત્માના અંશ નથી, કોઈ દૈવી શકિતથી ઉત્પન્ન થયેલા નથી. દરેક આત્મા પરમાત્મા બનવા શકિતમાન છે અને જન્મ મરણના ફેરાથી મુકત થવા સક્ષમ છે. બધા મુકત આત્મા સમાન છે. મુકત આત્મા અનંત જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વીર્યના ધરનારા છે.

૧૨) કર્મવાદ : આગળ જણાવ્યા પ્રમાણે આત્મા અનાદિ કાળથી કર્મ સાથે જોડાયેલો છે. કર્મ બંધાતા જાય છે અને ખરતા જાય છે. પોતાના કર્મના ફળ ભોગવવાથી આત્મા બચી શકતો નથી. જ્યારે બધા કર્મ ખરી જાય છે ત્યારે આત્મા મુકત થઈ જાય છે. જૈન દર્શનમાં કર્મના નિયમનું સર્વોપરી સ્થાન છે. જન્મ મરણનું ચક્ર, જીવન અને બ્રહ્માંડનું કાર્ય કર્મસતાને આધીન છે. દુન્યવી આત્માઓ અશુધ્ધ છે કારણકે કર્મ સાથે જોડાયેલા છે. તેઓ ધર્માનુસાર જીવન જીવી કર્મમુકત બની શકે છે. જૈનોના ધાર્મિક નિયમો ઘણા સખત છે. દા.ત. સાધુ માટે મહાવ્રત અને શ્રાવક માટે અણુવ્રત. આ નિયમોમાં અહિંસા કેન્દ્ર સ્થાને છે કારણકે તે જૈન આચરણનો મૂળ નિયમ છે અને અન્ય નિયમો દા.ત. સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ અહિંસાને મજબૂત કરે છે. આ ઉપરાંત અનેક પધ્ધતિઓ થી જૈન ધર્મ કષાય મુક્ત થવાનું શીખવે છે. કષાય એટલે ક્રોધ, માન, માયા, લોભ.

૧૩) આશાવાદી ધર્મ : જૈનો  માને છે કે જીવન દુઃખ ભર્યું છે પરંતુ જન્મ મરણના ફેરાથી મુકિત શક્ય છે. દરેક જીવની મુક્તિ સ્વપુરુષાર્થ દ્વારા શક્ય છે. નસીબ પૂર્વ કર્મને આધારીત છે. જૈન દર્શનમાં મુકિત અને બંધનનો નિયમ જીવનમાં બધા તબક્કાઓમાં જોવા મળે છે. મુકિત માટે સમ્યક્ દર્શન, સમ્યક્ જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર જે રત્નત્રયી નામે ઓળખાય છે તે મોક્ષમાર્ગ છે. સમ્યક્ દર્શન એટલે જૈન શાસન પર શ્રધ્ધા, સમ્યક્ જ્ઞાન એટલે સત્યનું સાચું જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર એટલે સાચું આચરણ. આ ત્રણે રત્ન મનુષ્યને મુકિત તરફ લઈ જાય છે અને તેમાં ચોથું મહત્વનું પાસુ છે સમ્યક્ તપ.

રત્નત્રયી, જૈન મૂલ્યો અને સારા ધાર્મિક આચરણ પર આધારીત છે. આ પણ જૈન ધર્મનો વ્યાપક અને સ્પષ્ટ ગુણધર્મ છે. કડક શ્રમણાચાર, શાકાહાર, ખાવાના નિયમો, તપ વગેરે જૈન પરંપરાની વિશેષતા છે.

માટે કહી જ શકાય કે જૈન ધર્મ પ્રમાણે જીવનાર શારિરીક, માનસિક, સામાજિક, આર્થિક અને આધ્યાત્મિક રીતે ખુશ રહે છે અને સાથે સાથે પર્યાવરણની રક્ષા કરે છે.